kotak
Kotak Mahindra Bank
કોટક મહિન્દ્રા બેંક

# સામાન્ય લોકો માટે બેંકિંગ

## 01

**? હું કઈ રીતે ખાતું ખોલાવી શકું?**



આ બિલકુલ સરળ છે.
બેંક ખાતું ખોલાવવા તમારે હાલના ફોટોગ્રાફની સાથે 'ઓળખ અને સરનામાનો પુરાવો' આપવો જરૂરી છે.

## 02

**? ઓળખના પુરાવા અને સરનામાના પુરાવા તરીકે મારે કયા દસ્તાવેજો આપવા જરૂરી છે?**



કોઈપણ દસ્તાવેજોમાંથી એક જેમ કે પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, વોટર્સ આઈડેન્ટિટી કાર્ડ, યુઆઈડીએઆઈ દ્વારા જારી કરેલું આધાર કાર્ડ અને નરેગા કાર્ડ 'ઓળખના પુરાવા' તરીકે આપી શકાય છે. જો આ દસ્તાવેજોમાં તમારું સરનામું પણ છે તો આ 'ઓળખ અને સરનામાના પુરાવા', બન્ને રીતે ચાલી શકે છે.




## 03

**? જો હું ચેન્નઈમાં રહું છું પરંતુ મારા સરનામાના પુરાવામાં નવી દિલ્હીનું સરનામું છે, તો પણ હું ચેન્નઈમાં ખાતું ખોલાવી શકું છું?**



ચોક્કસ તમે ખાતું ખોલાવી શકો છો. નવી દિલ્હીના તમારા સરનામાના પુરાવાની સાથે, પત્ર-વ્યવહાર માટે તમારે તમારું ચેન્નઈનું સરનામું પણ જાહેર કરવાનું રહેશે.

## 04

**? બેંકને ઓળખ અને સરનામાના પુરાવા શા માટે જોઈએ છે?**



બેંક તેમના ગ્રાહકોને યોગ્ય રીતે જાણે છે તેની ખાતરી કરવા નો યોર કસ્ટમરના (કેવાયસીના) ભાગ તરીકે તમારા ઓળખ અને સરનામાના પુરાવા જરૂરી છે.

## 05

**? જો મારી પાસે 'ઓળખના પુરાવા'ના હોય તો મારે શું કરવું જોઈએ? તો પણ શું બેંક ખાતું ખોલાવી શકું?**



ચોક્કસપણે તમે ખોલાવી શકો છો. તમારા હાલના ફોટોગ્રાફ પર બેંક અધિકારીની સમક્ષ તેની ઉપર તમારી સહી કરીને કે અંગૂઠાનું નિશાન કરીને તેને જમા કરાવીને 'સ્મૉલ અકાઉન્ટ' તરીકે જાણીતું બેંક ખાતું તમે ખોલાવી જ શકો છો. જો કે, આ 'સ્મૉલ અકાઉન્ટ' કેટલીક મર્યાદાઓ ધરાવે છે જેમ કે કોઈપણ સમયે બૅલેન્સ રૂા. 50,000 કરતાં વધારે ના હોવું જોઈએ, એક વર્ષમાં કુલ ક્રેડિટ રૂા. 1,00,000 કરતાં વધારે ના હોવી જોઈએ અને મહિનામાં ઉપાડ રૂા. 10,000 કરતાં વધારે ના હોવો જોઈએ.

## 06

**? મને મારું ખાતું કોઈપણ મર્યાદાને અધીન નથી જોઈતું. પરંતુ જો મારી પાસે 'ઓળખના પુરાવા' તરીકે દર્શાવવા કોઈપણ દસ્તાવેજ ના હોય, તો પણ હું ખાતું ખોલાવી શકું?**



હા તમે તો પણ બેંક ખાતું ખોલાવી શકો છો, જો બેંક દ્વારા 'નિમ્ન જોખમ' ગ્રાહક તરીકે તમારી આકારણી કરાય છે તો, નીચે જણાવેલા દસ્તાવેજોમાંથી કોઈપણ એકની નકલ જમા કરાવીને ખાતું ખોલાવી શકો છો:
(i) કેન્દ્ર/રાજ્ય સરકાર વિભાગો, વૈધાનિક/નિયમન સત્તામંડળો, જાહેર ક્ષેત્રની બેંકો, અનુસૂચિત વાણિજ્ય બેંકો, અને પબ્લિક ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યુશન્સ તરફથી જારી કરેલું તમારા ફોટોગ્રાફ સાથેનું આઈડેન્ટિટી કાર્ડ;
અથવા
(ii) તમારા પ્રમાણિત કરેલા ફોટોગ્રાફની સાથે ગેઝેટેડ ઑફિસર દ્વારા જારી કરાયેલો પત્ર.

भारतीय रिज़र्व बैंक RESERVE BANK OF INDIA

KMBL / Aug 2023 / V 1.0